દિલ્હી તરફ સેના કૂચના અહેવાલ પાયા વગરના : સિંહ

નવી દિલ્હી,તા. ૪

વડાપ્રધાન મનમોહનસિંહે એક અગ્રણી અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત થયેલા અહેવાલોને રદિયો આપ્યો છે. સરકારને પ્રાથમિક રીતે જાણ કર્યા વગર સેનાની બે ટુકડીઓ દિલ્હી તરફ કુચ કરી રહી હતી તેવા અહેવાલો પાયા વગરના હોવાની વડાપ્રધાને વાત કરી છે. બીજી બાજુ સંરક્ષણ પ્રધાન એન્ટોનીએ પણ લશ્કરી બળવાનની શંકાને આધાર વગરના અહેવાલ ગણાવીને આને રદિયો આપ્યો છે. આર્મી મુવમેન્ટ અંગે વડાપ્રધાન અને એન્ટોનીએ અહેવાલને રદિયો આપતા સસ્પેન્સનો અંત આવ્યો છે. જાન્યુઆરી મહિનામાં પ્રાથમિક રીતે સરકારને જાણ કર્યા વગર સેનાની બે યુનિટ દિલ્હી તરફ કુચ કરી રહી હતી. તેવા અહેવાલ મીડિયામાં

આવ્યા હતા. વડાપ્રધાને આ અહેવાલને બકવાસ તરીકે ગણાવીને કહ્યુ છે કે આ બાબત બિલકુલ આધાર વગરની છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રતિષ્ઠિત અંગ્રેજી અખબારે પહેલા પાને અહેવાલ પ્રકાશિત કર્યો હતો જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે જાન્યુઆરી મહિનામાં ૧૬મી તારીખની રાત્રે સરકારને જાણ કર્યા વગર દિલ્હીની આસપાસ સેનાની બે ટુકડી જમા થઈ ગઈ હતી. અંગ્રેજી અખબારના એડિટરની બાયલાઈન સાથે પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટેરર એલર્ટની પણ જાહેરાત કરાઈ હતી. વડાપ્રધાનને ૧૭મી તારીખે સવારે આ અંગે વાત કરવામા આવી હતી અને ડિરેક્ટર જનરલ મિલેટ્રી ઓપરેશનને આ ટુકડીને પરત મોકલી દેવા આદેશ આપવા કહેવામાં આવ્યો હતુ. આ મામલે વડાપ્રધાનની કચેરીનો સંપર્ક કરવામાં આવતા જણાવવામાં આવ્યુ હતુ કે આ અહેવાલ પાયા વગરના છે. સેનાએ પણ આ અહેવાલને રદિયો આપ્યો છે. સંરક્ષણ મંત્રાલય અને સેનાએ પણ આધાર વગરના ગણાવીને ટીકી ટિપ્પણી કરી છે. લશ્કરી મામલાઓના નિષ્ણાંત સેવા નિવૃત્ત મેજર જનરલ અશોક મહેતાનુ કહેવુ છે કે આ સમગ્ર અહેવાલમાં શંકા રહેલી છે પરંતુ તેઓએ દાવા સાથે કહ્યુ હતુ કે ભારતમાં આ પ્રકારના બળવાની શંકા શક્ય નથી. તેમણે કહ્યુ હતુ કે પરિસ્થિતિના આધાર ઉપર આ આધાર વગરના અહેવાલ આપવામાં આવ્યા છે. એક નારાજ સેના અધ્યક્ષ છે જે સુપ્રીમ કોર્ટ જઈ રહ્યા છે. કેટલીક યુનિટોને તેઓએ ટ્રેનીંગ માટે બોલાવી છે. આનો શુ મતલબ કાઢવામા આવે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ હતુ કે વડાપ્રધાનને સવારે માહિતી આપવામા આવી હતી. સંરક્ષણ સચિવોને મલેશિયાની યાત્રાથી વચ્ચોવચ્ચ બોલાવી લેવામાં આવ્યા હતા. અંગ્રેજી અખબારના અહેવાલમાં બે ત્રણ મોટી બાબતોને ઉલ્લેખ છે જેમા જણાવવામાં આવ્યું છે કે હિસારથી સેનાની એક ટુકડી દિલ્હીના આજમગઢ સુધી પહોંચી હતી. જ્યારે આગ્રાથી એક યુનિટ હિંડન સુધી પહોંચી હતી. દરમિયાન સરકાર અને સેના વચ્ચે લશ્કરી બળવાની શંકાને સંરક્ષણ મંત્રીએ ફગાવી દીધી છે. અહેવાલને આધાર વગરના ગણાવનીને જણાવવામાં આવ્યુ છે. આ માત્ર ભયભીત કરવાનો અહેવાલ છે. વડાપ્રધાને કહ્યુ છે કે આ અહેવાલ ભયભીત કરવા વાળો છે આને યોગ્ય રીતે સમજવાની જરૂર છે. સેના પ્રમુખની ઓફિસ ગૌરવપૂર્ણ ઓફિસ છે.

અરે સાહેબ.. હું તો ગાડી બરોબર ચલાવતો હતો પણ વચ્ચે કોઈ આવી ગયું; આ ગાંધીનગરમાં ક્યાં કોઈ ટ્રાફિક નિયમોનું પાલન કરે છે...

પેટ્રોલ-ડીઝલની કિંમત અંગે આગામી થોડાક દિવસોમાં અંતિમ નિર્ણય

નવી દિલ્હી,તા.૪

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરવાની ચર્ચા છેલ્લા ઘણા દિવસથી ચાલી રહી છે પરંતુ ભાવવધારો ઝીકવાની હિંમત સરકાર પણ કરી શકતી નથી. કારણ કે યુપીએના સાથી પક્ષો પણ સરકાર ઉપર દબાણ લાવી રહ્યા છે પરંતુ પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય સ્થિતિને ધ્યાનમાં લઈને ભાવવધારો ઝીકવા સિવાય અન્ય વિકલ્પો દેખાઈ રહ્યા નથી. મળેલી માહિતી મુજબ આગામી થોડાક દિવસમાં તેલ કિંમતો અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. પ્રધાન સ્તરની પેનલ સબસીડી બિલના મામલે નિર્ણય લેવા મળનાર છે જેમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓને થઈ રહેલા નુકસાનમાંથી બહાર નીકળવા તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓને રાહત આપવાના હેતુસર પગલાં લેવામાં આવી શકે છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો કરવા તીવ્ર દબાણ લાવી રહી છે. ઓટો અને રાંધણ ગેસના વેચાણના કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ભારે નુકસાન થઈ રહ્યું છે. કારણ કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ખૂબ ઓછી કિંમતે ફ્યુઅલ પેદાશો વેચવાની ફરજ પડી રહી છે. પેટ્રોલિયમ સચિવ જી સી ચતુર્વેદી તરફથી પત્ર મળી ગયા બાદ પ્રધાન સ્તરની પેનલ હવે મળશે. ચતુર્વેદીએ પત્રમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને નુકસાન વર્ષ ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ દરમિયાન ૧.૩૯ લાખ કરોડ સુધી પહોંચવા આવી ગયું છે. તેમણે ઉમેર્યું હતું કે વર્તમાન કિંમતના પ્રવાહના આધાર ઉપર આંતરરાષ્ટ્રીય કિંમતોની સરખામણીમાં ઓછી કિંમતે ફ્યુઅલ વેચવાથી આ નાણાંકીય વર્ષમાં અંદર રિકવરી ૧.૫ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. ઓઈલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં વધારો કરવા પ્રયાસ કરી રહી છે. સાથે સાથે ડિઝલની કિંમતોમાં વધારો કરવા પણ લોબી ચલાવી રહી છે. ડિઝલની કિંમતો સરકારના હાથમાં છે જ્યારે પેટ્રોલની કિંમતોને અંકુશ મુક્ત કરવામાં આવી ચૂકી છે. ડિઝલની કિંમતોમાં વધારો કરવા માટે રાજકીય નિર્ણય હજુ લેવામાં આવ્યો નથી. કારણ કે યુપીએના ઘટક પક્ષો આની સામે વાંધો ઉઠાવી શકે છે. જો કે પેટ્રોલની કિંમત મામલે ઓઈલ કંપની નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે.

મુંબઈ હુમલાના કાવતરામાં બિન લાદેન સામેલ : હેવાલ

નવી દિલ્હી,તા. ૪

મુંબઈમાં ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવામાં લશ્કરે તોયબાના આતંકવાદી હાફિઝ સઈદની સાથે સાથે ઓસામા બિન લાદેન પણ સામેલ હતો. આ ખુલાસો અમેરિકી પ્રમુખ બરાક ઓબામાના પાકિસ્તાની મામલાઓના પૂર્વ સલાહકાર બ્રુસ રિડલ દ્વારા કરવામાં આવ્યો છે. રિડલે એમ પણ કહ્યું છે કે તોયબાનો લીડર સઈદ લાદેનના સતત સંપર્કમાં રહેતો હતો. તેમણા જણાવ્યા મુજબ લાદેન સાથે હાફિઝ સઈદના મુજબૂત સંબંધો અંગે પૂરાવા મળ્યા બાદ જ અમેરિકાએ તેને દુનિયાનો સૌથી બીજો ખતરનાક આતંકવાદી જાહેર કર્યોછે અને તેના પર ૫૦ કરોડ રૂપિયાનું અથવા તો એક કરોડ ડૉલરનું ઈનામ જાહેર કર્યુ છે. ઈનામ જાહેર થયા બાદ પાકિસ્તાનમાં સઈદની સુરક્ષા વધારી દેવામાં આવી છે. લાદેન અને સઈદ એકબીજા સાથે સંપર્કમાં હતા તેવા અહેવાલ બાદ ભારે ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાનના એબટાબાદમાં લાદેનના આવાસથી અમેરિકી સ્પેશિયલ ફોર્સને એવા પુરાવા મળ્યા છે જેનાથી સાબિત થાય છે કે લાદેન અને સઈદ વચ્ચે મજબૂત સંબંધો હતા. પૂરાવા મુજબ બંને વચ્ચે સતત વાતચીત થતી રહેતી હતી. રિડલના જણાવ્યા મુજબ એબટાબાદમાંથી મળેલી માહિતીમાં જણાવવામાં આવ્યું છે કે ૨૬-૧૧ના મુંબઈ હુમલામાં અલકાયદાનો મોટો હાથ હતો. એવા પુરાવા પણ મળ્યા છે કે આ હુમલા પહેલાં ભારતમાં ડેવીડ હેડલીના લેવામાં આવેલા ફોટાઓ અને વીડિયોને લાદેને નિહાળ્યા હતા. લાદેન કાવતરામાં સામેલ હોવાની બાબત સપાટી ઉપર આવતા હવે ભારે હોબાળો મચી ગયો છે.

રામનવમી દરમિયાન શિરડી મંદિરને ૩.૯ કરોડ રૂપિયાની જંગી આવક

શિરડી,તા.૪

વિશ્વ પ્રસિદ્ધ શિરડી સાંઈબાબા સમાધી મંદિરમાં રામનવમીના પ્રસંગ દરમિયાન ૩.૯ કરોડ રૂપિયાની જંગી આવક મળી હોવાનું જાણવા મળ્યું છે. રોક્કડ દાનના સ્વરૂપમાં આ રકમ મળી છે. રામનવમીની ઉજવણી ગયા સપ્તાહમાં દેશભરમાં કરવામાં આવી હતી. રામનવમીના પ્રસંગે શિરડી સાંઈબાબા મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યાં હતાં. શિરડી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટના સૂત્રોએ કહ્યું છે કે શ્રદ્ધાળુઓએ રામનવમી દરમિયાન ૬૯૬ ગ્રામ સોનાનું દાન કર્યું હતું. ઉપરાંત ત્રણ કિલો ચાંદીની ચીજવસ્તુઓ પણ દાનમાં આપી હતી. મંદિર ટ્રસ્ટે પ્રસાદના વેચાણથી ૬૦ લાખ રૂપિયાની આવક મેળવી હતી.

સૂત્રોએ એમ પણ કહ્યું છે કે દેશના જુદા જુદા ભાગોમાંથી

રામનવમીના પ્રસંગે ચાર લાખ શ્રદ્ધાળુઓ આવ્યા હતા જેમાં મુંબઈ, નાગપુર, નાનદેદ, ચંદીગઢનો સમાવેશ થાય છે. રામનવમીના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા બાદ તેમના માટે શિરડીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. દિલ્હી સ્થિત એક શ્રદ્ધાળુએ ૧૫ લાખની કિંમતનો સોનાનો મુગટ શ્રી સાંઈબાબાના મંદિરને આપ્યો છે. આ શ્રદ્ધાળુનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. રામનવમીના દિવસે જ આ મુગટ આપવામાં આવ્યો હતો. અન્ય શ્રદ્ધાળુઓએ પણ મોટા પ્રમાણમાં દાન કર્યું હતું જેથી જંગી આવક થઈ હતી. શ્રી સાંઈબાબા સમાધિ મંદિરમાં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. આ મંદિરને વિશ્વના સૌથી લોકપ્રિય મંદિર પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. આ મંદિરની માન્યતા દિનપ્રતિદિન સતત વધી છે.

ન્યૂક્લિયર સબમરીન આઈએનએસ ચક નૌકા સેનામાં સામેલ

નવી દિલ્હી, તા. ૪

ભારતે સંરક્ષણના ક્ષેત્રમાં આજે વધુ એક મહાકાય સિદ્ધી હાસંલ કરી લીધી હતી. ન્યૂક્લિયર સબમરીન આઈએનએસ ચક નૌકા સેનામાં સામેલ થતા ભારતીય સેનામાં વધારો થઈ ગયો છે. આઈએનએસ ચક દરિયમાં ઉતરતા ભારતનુ ગૌરવ વધી ગયુ છે. આની સાથે જ ભારતીય નૌકા સેના દુનિયાની એવી ટોચની સેનાઓમાં સામેલ થઈ ગઈ છે. જેની પાસે પરમાણુ સબમરીન છે અને પરમાણુ સબમરીન મારફતે દરિયામાં પ્રભુત્વ રાખે છે. આ પ્રસંગે સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની પણ હાજર હતા. રશિયન મૂળની સબમરીનને દેશને સમર્પણ કરતા એન્ટોનીએ કહ્યુ હતુ કે આઈએનએસ ચકથી દેશની સુરક્ષા અનેક ઘણી વધી ગઈ છે. આ ન્યૂક્લિયર સબમરીન એક જ વખતમાં ત્રણ મહિના સુધી પાણીમાં રહેવામાં સક્ષમ છે. અને મિસાઈલો રાખવામાં સક્ષમ છે. આમાં અતિ આધુનિક હથિયારો પણ ગોઠવવામાં આવ્યા છે. આને રશિયા પાસેથી દસ વર્ષના ભાડા પટે લેવામાં આવ્યા બાદ તેની કાળજી રાખવામા આવશે. લાંબા ઈંતજાર બાદ આ સબમરીન જાન્યુઆરી

૨૦૧૨માં રશિયા પાસેથી ભારતને સોંપાઈ હતી. આઈએનએસ ચક દરિયામા ઉતરતાની સાથે જ અમેરિકા, રશિયા, ફ્રાંસ, બ્રિટેન અને ચીન બાદ ભારત પરમાણુ સબમરીન રાખનાર છઠ્ઠા દેશ તરીકે ઉભરી ગયુ છે. આઈએનએસ ચકનુ વજન ૮૧૪૦ ટન છે. દરિયામાં તેની ઝડપ ૪૩ કિંમી પ્રતિ કલાકની છે. આઈએનએસ ચક અને સ્વદેશી આઈએનએસ અરિહંત ટુક સમયમાં પેટ્રોલિંગ અભિયાન શરૂ કરી શકે છે. આઈએનએસ ચકની સંચાલન માટે આશરે ૩૦ અધિકારીઓ સહિત ૭૦થી વધુ સભ્યોની જરૂર પડશે.

તિરૂપતિમાં વીઆઈપી દર્શન કેટેગરી રદ્દ

તિરૂમાલા, તા.૪

જુદા જુદા વર્ગો તરફથી જોરદાર નારાજગીનો સામનો કર્યા બાદ તિરૂમાલા તિરૂપતિ દેવાસ્થાનમ (ટીટીડી)ના કારોબારી બોર્ડે વીઆઈપી દર્શન ટિકિટની કેટેગરીને રદ કરવાનો નિર્ણય કર્યો છે. વીઆઈપી દર્શન કેટેગરીને રદ કરાતા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાનો અંત આવી ગયો છે. આ નિર્ણય તાત્કાલીક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. આ નિર્ણયની સાથે સામાન્ય શ્રદ્ધાળુઓને મોટી રહાત મળી ગઈ છે. ટીટીડી બોર્ડે ત્રણ કેટેગરી રદ કરી દીધી છે. જેમાં ટોપ પ્રાયોરિટી, પ્રોટોરિટી અને ઓર્ડિનરીનો સમાવેશ થાય છે. ચેરમેન કનુમુરી બાપીરાજુ અને કારોબારી અધિકારી એલવી સુબ્રમણ્યમના નેતૃત્વમાં બોર્ડની મીટિંગ મળી હતી. રાજય વિધાનસભામાં વીઆઈપી પાસ જારી કરવા માટે અલગ સેલની શરૂઆત કરવા અંગે કોઈ નિર્ણય કરાયો ન હતો. જો કે બોર્ડે વિવાદાસ્પદ અનંત સ્વર્ણામયમ પ્રોજેક્ટના મામલામાં કોઈ નિર્ણય કર્યો ન હતો. સૂત્રોએ કહ્યુ છે કે મીડિયામાં આ યોજનાને પુનઃ શરૂ કરવા માટે હાલમાં અહેવાલો પ્રકાશિત કરવામાં આવ્યા હતા. તિરૂપતિ તિરૂમાલામાં દર્શન કરવા માટે દરરોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ પહોંચે છે. તિરૂમાલામાં ભગવાન બાલાજીના મંદિરમાં વીઆઈપી દર્શનને લઈને છેલ્લા કેટલાક દિવસથી હોબાળો મચેલો હતો. શ્રદ્ધાળુઓ આની સામે વાંધો ઉઠાવી રહ્યા હતા. આખરે ટીટીડી દ્વારા સામાન્ય શ્રદ્ધાળુના હિતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય કર્યો છે.

સર્વિસ ટેક્સ રૂપે ૬૦ કરોડ ચુકવવા કિંગફિશરને હુકમ

નવી દિલ્હી, તા.૪

રોકડ કટોકટીનો સામનો કરી રહેલી કિંગફિશર એરલાઈન્સે ૬૦ કરોડ ચુકવવાની સુચના આપવામાં આવી છે. સર્વિસ ટેક્સ તરીકે કિંગફિશર એરલાઈન્સ પર ૬૦ કરોડનુ દેવુ છે. નાણામંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ એન્ડ કસ્ટમના ચેરમેન એસકે ગોયલે કહ્યુ હતુ કે એરલાઈન્સને આ રકમ ચુકવવા સુચના આપવમાં આવી છે. કિંગફિશરને આ નાણા માટે કોઈપણ છુટછાટ આપવામાં આવશે નહીં. પત્રકારો સાથેની વાતચીતમાં ગોયલે કહ્યુ હતુ કે સર્વિસ ટેક્સની ચુકવણીના મામલે કિંગફિશરને કોઈ કન્સેશન આપવાની યોજના નથી. અગાઉ સર્વિસ ટેક્સ વિભાગે ૪ મહિનામાં ચોથી વખત આ એરલાઈન્સ સાથે સંકળાયેલા ૪૦ ખાતાઓ ફ્રીજ કરી દીધા હતા કારણ કે એરલાઈન્સ સર્વિસ ટેક્સ વિભાગ ને ૪૦ કરોડ રૂપિયાનુ દેવુ ચુકવવા નક્કી કરવામાં આવેલી ૨૯મી ફેબ્રુઆરીની તારીખને પહોંચી વળવામાં નિષ્ફળ નીવડી હતી. કિંગફિશર એરલાઈન્સના ચેરમેન વિજય માલ્યાએ બીજી એપ્રિલના દિવસે એરલાઈન્સના સ્ટાફને પત્ર લખીને ખાતરી આપી હતી કે કંપની તેમના બાકી રહેલા પગારની ચુકવણી કરી દેશે કારણ કે બેંક ખાતાઓ ખોલી દેવામાં આવ્યા છે. ઈન્કમટેક્સ વિભાગને ૪૪ કરોડ અને સર્વિસ ટેક્સ તરીકે ૨૦ કરોડની ચુકવણી કરી દેવામાં આવી છે. માલ્યાએ કહ્યુ હતુ કે

તમામ જુનિયર સ્ટાફને ચોથી એપ્રિલ પહેલા નાણા ચુકવી દેવાશે. જ્યારે તમામ પાયલોટો અને એન્જિનિયરોને ૯મી અને ૧૦ એપ્રિલે નાણા ચુકવી દેવામાં આવશે. માલ્યાની આ ખાતરી બાદ એરલાઈન્સના કર્મચારીઓમાં ખુશીનુ મોજુ ફરીવળ્યુ હતુ. એરલાઈન્સના સ્ટાફે હડતાળની ધમકી પાછી ખેચી લીધીહતી. ૨૭મી માર્ચના દિવસે એરલાઈન્સે કેટકાલ શહેરો સુધી ઓપરેશન બંધ કરવાની વાત કરી હતી સાથે સાથે નવેસરના ફંડીંગના મામલે વ્યવસ્થા ન થાય ત્યા સુધી ઘરે રહેવા કહેવામાં આવ્યુ હતુ. કિંગફિશરનુ દેવુ ૭૦૫૭.૦૮ કરોડનુ છે. જ્યારે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામા તેનુ નુકસાન વધીને ૪૪૪.૨૩ કરોડ થઈ ગયુ છે.

નાણાંકીય સેક્ટરના સુધારા હાલ હાથ નહીં ધરવા તૈયારી

નવી દિલ્હી,તા.૪

નાણાંકીય સેક્ટરના સુધારાઓને હાલ પૂરતા હાથ નહીં ધરવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. સંસદમાં પૂરતી સંખ્યા નહીં હોવાના કારણે યુપીએ સરકાર આ દિશામાં બિનજરૂરી રીતે આગળ વધવા ઈચ્છુક નથી. સરકાર હવે નાણાંકીય સેક્ટરના સુધારાઓની દરખાસ્તને પડતી મૂકવાની યોજના ધરાવે છે. આ દરખાસ્તોમાં ખાનગી બેંકોમાં વિદેશી મૂડીરોકાણકારો માટે મતદાનના અધિકારમાં વધારાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઈન્સ્યોરન્સ માટે વિદેશી મૂડીરોકાણ મર્યાદામાં વધારો કરવાની પણ દરખાસ્ત હતી. દબાણ સમક્ષ ઝૂકીને સરકાર આ દિશામાં આગળ વધવા માગે છે. સરકાર હવે વિમા એફડીઆઈ મર્યાદામાં વધારો કરશે નહીં. સાથે સાથે ખાનગી બેંકોમાં વોટિંગની મર્યાદાને જાળવી રાખશે. સરકારની આ હિલચાલના પરિણામ સ્વરૂપે વિમામાં વિદેશી સીધા મૂડીરોકાણની મર્યાદા ૨૬ ટકાની સપાટીએ યથાવત્ રહે તેવી શક્યતા છે. અગાઉ ૪૯ ટકા મર્યાદા કરવાની હિલચાલ ચાલી રહી હતી. જ્યારે ખાનગી બેંકોમાં મતદાન અધિકાર ૨૬ ટકાના દરે યથાવત્ રાખવામાં આવે તેવી શક્યતા છે. તેમાં વધારો કવાની હિલચાલ ચાલી રહી હતી. સંસદમાં પૂરતી સંખ્યા નહીં હોવાના કારણે સરકારને આ દિશામાં આગળ વધવાની ફરજ પડી રહી છે. સૂત્રોનું કહેવું છે કે ભૂતપૂર્વ નાણાંમંત્રી યશવંતસિંહાના નેતૃત્વમાં સંસદીય સ્થાયી સમીતિની પક્ષો તરફથી બિનજરૂરી વિરોધનો સામનો કરવા સરકાર ઈચ્છતી નથી. મમતા બેનર્જીના તૃણમૂલ કોંગ્રેસ જેવા રાજકીય પક્ષો દ્વારા પહેલાથી જ દરેક બાબતોનો વિરોધ થઈ રહ્યો છે. રાજકીય વાસ્તવિકતા એ છે કે યુપીએ પાસે પૂરતી સંખ્યા નથી.

નાણાંમંત્રી પ્રણવ મુખરજી કોઈ તક લેવા ઈચ્છતા નથી. વલણમાં ફેરફાર દેશના ચિત્રને અસર કરી શકે છે. વિદેશી મૂડીરોકાણકારોને હતાશા હાથ લાગશે. ટેક્સના કાયદાઓમાં સુધારાની દરખાસ્ત ચાલી રહી છે. આઠ વર્ષથી સરકાર કહી રહી છે કે ભલામણોમાં કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. સરકારની અંદર વિચારણા એ છે કે પૂરતી સંખ્યા નહીં હોવાના કારણે આગળ વધવાની બાબત યોગ્ય નથી. સંસદમાં વિરોધ છે. જો કે આ સુધારાઓની પ્રક્રિયાને વિધિવત્ રીતે હજુ સુધી પડતી મૂકવામાં આવી નથી. હવે થોડાક સમય સુધી નાણાંકીય સેક્ટરના સુધારાને હાથ નહીં ધડવાની યોજનાને ઘડી કાઢવામાં આવી છે. મનમોહનસિંહ સરકારની અવધીના ૨૫ મહિનાનો ગાળો બાકી રહ્યો છે તેવા સમયમાં હવે જોખમ લેવા સરકાર ઈચ્છતી નથી.વિમા માટે વિદેશી મૂડીરોકાણની મર્યાદા ૨૬ ટકા છે. સરકાર કેટલાક સ્થાનિક કારોબારીઓ ઉપર દબાણ પણ લાવવાની યોજના ધરાવે છે.

અમરનાથ શ્રદ્ધાળુઓ માટે હેલિકોપ્ટર ભાડામાં ઘટાડો

જમ્મુ, તા.૪

અમરનાથ શ્રદ્ધાળુઓ માટે હેલિકોપ્ટરના ભાડામાં ઘટાડો કરવામાં આવ્યો છે. મંદિર બોર્ડના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે બેજકેમ્પથી જમ્મુ કાશ્મીરમાં અમરનાથની ગુફા સુધી હેલિકોપ્ટર ભાડુ ૩૫ ટકા સુધી ઘટાડી દેવામાં આવ્યુ છે. શ્રી અમરનાથ મંદિર બોર્ડના સીઈઓ નવીન ચૌધરીએ માહિતી આપતા કહ્યુ છે કે જ્યારે વિમાની ભાડા સતત વધી રહ્યા છે ત્યારે શ્રદ્ધાળુઓ માટે ખૂબ સારા સમાચાર છે. બલતાલ-પંજતારેણી રુટ ઉપર હેલિકોપ્ટર ભાડુ

૪૦ ટકા સુધી ઘટાડી દેવામાં આવ્યુ છે. જ્યારે પહેલગામ-પંજતારેણી રુટ ઉપર ભાડામાં ૩૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. અમરનાથની ગુફા દરિયાઈ સપાટીથી ૩૮૮૮ મીટરની ઉંચાઈએ સ્થિત છે. અમરનાથ ગુફા તરફ જવાના બે રુટ છે જેમા એક પહેલગામથી છે અને બલતાલથી છે. શ્રદ્ધાળુઓ બે બેજકેમ્પથી અમરનાથની ગુફા સુધી ચાલતા પણ જઈ શકે છે આ ઉપરાંત અન્ય રીતે પણ જઈ શકે છે. રાજયપાલના મુખ્ય સચિવ ચૌધરીએ કહ્યુ છે કે બલકાલ-પંજતારેણી સુધી એક તરફનુ હેલિકોપ્ટર ભાડુ વર્ષ ૨૦૧૧માં પ્રતિ યાત્રી ૨૪૨૫ રૂપિયા હતુ જે ઘટીને હવે પ્રતિ યાત્રી ૧૪૪૫ રૂપિયા થઈ ગયુ છે. આવી જ રીતે પહેલગામ-પંજતારેણી રુટ માટે હેલિકોપ્ટર ભાડુ ૨૦૧૧માં ૩૪૯૫ રૂપિયા હતુ. જે હવે ઘટીને પ્રતિ યાત્રી ૨૩૫૫ રૂપિયા થઈ ગયુ છે. ચૌધરીએ કહ્યુ છે આ ઘટાડો થતા શ્રદ્ધાળુઓની સંખ્યા વધશે. ગયા વર્ષે અમરનાથના દર્શને પહોંચેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૬૩૦૦૦૦ નોંધાઈ હતી. જેથી અગાઉના તમામ રેકોર્ડ તુટી ગયા હતા. આ વર્ષે અમરનાથ યાત્રા ૨૫મી જૂનથી શરૂ થશે અને બીજી ઓગસ્ટ સુધી ચાલશે. અમરનાથ યાત્રાની તૈયારીઓ બે મહિના પહેલાથી જ શરૂ થઈ ચુકી છે.

આજે કોલક્તા નાઇટ રાઇડર્સ અને દિલ્હી ડેરડેવિલ્સ વચ્ચે રોમાંચક જંગ

કોલક્તા,તા. ૪

ઈન્ડિયન પ્રિમિયર લીગ-પમાં આવતીકાલે કોલક્તા નાઈટ રાઈડર્સ અને દિલ્હી ડેરડેવિલ્સ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. આને લઈને પહેલાથી જ ક્રિકેટ ચાહકોમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે. કોલક્તાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે આ મેચ રમાનાર છે. ભારતીય ટીમના બે ઓપનિંગ બેટ્સમેન સામ સામે આવશે. તેમની કેપ્ટન તરીકેની કુશળતાની કસૌટી થશે. ગૌતમ ગંભીરના નેતૃત્વમાં કોલક્તા નાઈટ રાઈડર્સ ઘરઆંગણે વધારે શાનદાર દેખાવ કરવા ઉત્સુક છે. અંતિમ ઈલેવનની પસંદગી બન્ને ટીમોની કરવામાં આવી નથી. એકબાજુ કોલક્તા નાઈટ રાઈડર્સમાં ગંભીર ઉપરાંત જેક્સ કાલિસ, બ્રેડન મેકુલમ યુસુફ પઠાણ જેવા ધરખમ ખેલાડી છે. સ્થાનિક ખેલાડીઓ સારો દેખાવ કરવા ઉત્સુક છે. મનોજ તિવારી, લક્ષ્મીપતિ બાલાજી, રજત ભાટિયા પણ સારો દેખાવ કરવા આતુર છે. બીજી બાજુ દિલ્હી ડેરડેવિલ્સની ટીમ સહેવાગના નેતૃતવમાં વધારે આક્રમક દેખાઈ રહી છે. ટીમમાં સહેવાગ ઉપરાંત વેણુગોપાલ રાવ, વરુણ આરોન અને અજિત અગરકર પાસેથી સારા દેખાવની આશા રાખવામાં આવે છે. બન્ને ટીમોની અંતિમ ઈલેવનની પસંદગી આવતીકાલે સવારે કરવામાં આવશે. ટોસ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકે છે. મેચનું પ્રસારણ રાત્રે આઠ વાગેથી કરવામાં આવશે. આ વખતે સ્ટાર ગ્રુપે તમામ મેચોના પ્રસારણના અધિકાર મેળવી લીધા છે. ગઈકાલે આઈપીએલ-પાંચની શરૂઆત થયા બાદ મેચોની શરૂઆત બુધવારથી થઈ હતી. પ્રથમ મેચ ચેન્નાઈ સુપર અને મુંબઈ ઈન્ડિયન વચ્ચે રમાઈ હતી. આ વખતે આઈપીએલમાં કુલ નવ ટીમો ભાગ લઈ રહી છે.